## બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 નું સેકસન 23
## એટીએમ દ્વારા ફંડનું થર્ડ પાર્ટી ટ્રાન્સફર

ડીબીઓડી. નં. બીએલ. બીસી. 5/22.01.001/2003

23 જુલાઇ, 2003.
શ્રાવણ 01,1925(શાક)

તમામ શિડયુલ્ડ કોમર્શિયલ બેન્કો
(આરઆરબી અને એલએબી સિવાય)

માનનીય સાહેબ,

**બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 નું સેકસન 23**
**<u>એટીએમ દ્વારા ફંડનું થર્ડ પાર્ટી ટ્રાન્સફર</u>**

કૃપા કરીને 18 જુલાઇ 2002 ના અમારા માસ્ટર પરિપત્ર ક્રમાંક . ડીબીઓડી. નં. બીએલ. બીસી 5/22.01.001/ 2002 ના પેરા 12.3 જુઓ જે ઓટોમેટડ ટેલર મશીન્સ (એટીએમ) પર આપી શકાય તેવી સુવિધાઓ અંગે છે જેમાં જણાવવું છે કે ઈન્ટર એકાઉન્ટ ટ્રાન્સફર જુદા જુદા કેન્દ્રે અથવા એકજ કેન્દ્ર પર એકજ ગ્રાહકના એકાઉન્ટ પૂરતા મર્યાદિત રહેશે.

2. બેન્કો તરફથી મળેલી વિનંતીના કારણે એવું નક્કીકરવામાં આવ્યું છે કે દેશમાં એકજ બેન્કમાં એક ગ્રાહકના એકાઉન્ટમાંથી બાજા ગ્રાહકના એકાઉન્ટમાં એટીએમ દ્વારા ફંડ ટ્રાન્સફર કરવાની સુવિધા આપવી. તેના નિયમો અને આવશ્યકદસ્તાવેજો જે એટીએમ દ્વારા આવા ટ્રાન્સફરને લગતા હશે તે બેન્ક અને ગ્રાહક વચ્ચે દ્વિપક્ષીય રીતે કરી શકાય અને દરેક પાર્ટીના અધિકારી અને જવાબદારીએ નિયમોમાં સ્પષ્ટ પણ જણાવવાના રહેશે અને તેને કાનૂની માન્યતા હોવી જોઇએ. એટીએમ મારફત થર્ડ પાર્ટી ચૂકવણીને પરવાનગી આપતી વખતે બેન્કો ને પોતાની જવાબદારી સુરક્ષિત કરવા માટે આવશ્યક પગલા લેવાનો પૂરો અધિકારી છે.

3. આ ઉપરાંત આરબીઆઇએ કમ્પેડિયમ ઓફ બેસ્ટ પ્રકટીસીઝ ઇનસ કમ્પ્યુટરાઇઝડ એન્વાયરમેન્ટ અને વર્કીંગ ગ્રાપ ઓન ઇન્ટરનેટ બેન્કિંગ ના રિપોર્ટની રૂપરેખામા બેન્કને આપેલી સૂચના પ્રમાણે બેન્કો આવશ્યક સુરક્ષા વ્યવસ્થા કરી શકશે.

બેન્કોએ 4થી ફેબ્રુઆરી, 1999 ના પરિપત્ર ડીબીએસ. સીઓ. આઈટીસી. બીસી 10/ 31.09.001 / 97-98 ની માર્ગદર્શિકા અને 14 જુન 2001 ના પરિપત્ર ડી બી ઓ ડી. કૉમ્પ. બી સી. નં. 130/ 07.03.23/ 2000-01 ની માર્ગદર્શિકાનું નો યોર કસ્ટમર હેઠળ પાલન કરવાનું રહેશે.

તે મુજબ 18 જુલાઇ, 2002 ના માસ્ટર પરિપત્ર ડીબીઓડી. બીએલ. બીસી. 5/ 22.01.001/ 2002 પેરા 12.3 ના યોગ્ય વાકય હેઠળ જે એટીએમ ખાતે કાર્યવાહી સંબંધિત છે તે સુધારીને ઈન્ટર એકાઉન્ટ ટ્રાન્સફર દેશની અંદર એક જ બેન્કના એકજ કેન્દ્ર અથવા વિવિધ કેન્દ્રો વચ્ચે એક અથવા વિવિધ ગ્રાહકોના એકાઉન્ટની મર્યાદાઓ તરીકે ઓળખાશે.

આપનો વિશ્વાસુ,

(સી. આર. મુરલીધરન)
મૂખ્ય મહાપ્રબંધક

માહીતી અને આવશ્યક કાર્યવાહી માટે તમામ પ્રાદેશિક કચેરીઓને કોપી મોકલી દેવાઇ છે.

(આર.સી.મિત્તલ)
મૂખ્ય પ્રબંધક